# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902, Email***suratdeo@gmail.com*, ***Web – deosurat.org***

જા.નં.:સમગ્ર શિક્ષા/એસ.એમ.સી/એમ આઈ એસ /૨૦૨૬/~~૨૯૬૮૯-૯૬૯૪~~ 12807 તા.~~૧૬~~ 21/૦૯/૨૦૨૬

પ્રતિ

યુ આર સી કો ઓર્ડીનેટર તમામ

સી આર સી કો ઓર્ડીનેટર તમામ

આચાર્યશ્રી તમામ

સમગ્ર શિક્ષા , સુરત કોર્પોરેશન.

**વિષય :** UDISE+ પોર્ટલ પર ધોરણ ૨ થી ૧૨ ના ગત વર્ષોમાં બાકી રહી ગયેલા વિદ્યાર્થીઓની પ્રોફાઇલ એન્ટ્રી (Fresh Entry), શિક્ષક તથા વિદ્યાર્થી મોડ્યુલ અદ્યતન કરવા બાબત.

**સંદર્ભ :** સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,ગાંધીનગરના પત્રક્માંક નં. COS / IITC / 2026 / 890 – 1021,તા: ૧૬/૦૯/૨૦૨૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, યુનિફાઇડ ડિસ્ટ્રિક્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન (UDISE+) પોર્ટલ એ વિદ્યાર્થીઓની નોંધણી, માળખાકીય સુવિધાઓ, શિક્ષકોની વિગતો અને શૈક્ષણિક કામગીરી સહિત શાળા સંબંધિત તમામ માહિતી માટે રાષ્ટ્રીય ડેટાબેઝ અને ડેટાના એકમાત્ર સ્ત્રોત તરીકે કાર્ય કરે છે. UDISE+ દ્વારા એકત્રિત કરવામાં આવેલ ડેટાનો ઉપયોગ નીતિ નિર્માતાઓ, સંશોધકો અને શાળાના વહીવટકર્તાઓ દ્વારા આયોજન, મોનિટરિંગ, નિર્ણય લેવા, નીતિ ઘડતર, સંસાધનોની ફાળવણી ઉપરાંત વિવિધ શૈક્ષણિક યોજનાઓ વગેરેના અમલીકરણ અને મૂલ્યાંકન માટે કરવામાં આવે છે.

UDISE+ પોર્ટલ પર શાળાઓની માહિતી અદ્યતન કરવાની કામગીરી અંતર્ગત પ્રથમ અને દ્વિતીય મોડ્યુલ 'School Directory' અને 'School Profile & Facilities' ની વિગતોની એન્ટ્રી, સુધારણા અને અદ્યતન કરવાની કામગીરી તમામ જિલ્લાઓ દ્વારા ગત માસ દરમિયાન મિશન મોડ (Mission Mode) માં પૂર્ણ કરવામાં આવેલ છે. UDISE+ ના ચાર મોડ્યુલ પૈકીના બાકી રહેલા અગત્યના મોડ્યુલ – Student Module અને Teacher Module અપડેટ કરવાના થાય છે, જે અંગેની વિગતવાર માહિતી નીચે મુજબ છે:

(૧) School Profile & Facilities મોડ્યુલમાં પ્રાથમિક જરૂરિયાતો સંબંધિત સુધારા

(૨) શિક્ષક મોડ્યુલ અપડેશન

(3) વિદ્યાર્થી મોડ્યુલ: Import/Progression

(૪) ધોરણ ૨ થી ૧૨ ના બાકી રહેલ વિદ્યાર્થીઓની પ્રોફાઇલ એન્ટ્રી (Fresh Entry

**(૧) School Profile & Facilities** મોડ્યુલમાં પ્રાથમિક જરૂરિયાતો સંબંધિત બાકી રહેતા સુધારા:

School Profile & Facilities મોડ્યુલની એન્ટ્રીમાં કેટલીક શાળાઓ દ્વારા પ્રાથમિક જરૂરિયાતો જેવી કે પીવાનું પાણી, SSSA, પ્રિ-વોકેશનલ, શૈક્ષણિક દિવસો, શિક્ષક અને વિદ્યાર્થી હાજરી (Electronically), બિલ્ડિંગ બ્લોક, શૂન્ય વર્ગખંડ, શૌચાલય ડસ્ટબીન, ઈન્ટરનેટ, પ્રાથમિક સારવાર (First Aid), આરોગ્ય ચકાસણી, આરોગ્ય

Scanned with OKEN Scanner

ચકાસણી રેકોર્ડ નિભાવણી, વીજળી, અગ્નિશામક (Fire Extinguisher), ફર્નિચર જેવા ઈન્ડિકેટરમાં એન્ટ્રીમાં ક્ષતિ રહેલ છે. જેની વિગતો દૈનિક ધોરણે જિલ્લાઓને મોકલવામાં આવે છે તેમ છતાં કેટલાક સુધારા હજી પૂર્ણ થયેલ નથી. આ તમામ ઈન્ડિકેટરમાં લાગુ પડતા સુધારા દિન-૨માં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા આથી જણાવવામાં આવે છે.

**(૨) શિક્ષક મોડ્યુલ અપડેશન**

જીલ્લાની તમામ સરકારી, અનુદાનિત (Aided) અને ખાનગી (Private) પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં Teacher Module ની કામગીરી સમયમર્યાદામાં અને સચોટ રીતે પૂર્ણ થાય તે માટે નીચે મુજબની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે:

- અગાઉના શૈક્ષણિક વર્ષોમાં મોટાભાગના શિક્ષકોની વિગતો પોર્ટલ પર એન્ટ્રી કરેલી જ છે. આથી, દરેક શાળાએ નવેસરથી તમામ ડેટા દાખલ કરવાના બદલે માત્ર નવા નિયુક્ત થયેલા શિક્ષકોની વિગતો ઉમેરવાની (Add/Import) રહેશે તથા જૂના શિક્ષકોની વિગતોમાં વર્તમાન સ્થિતિ મુજબ આવશ્યકતા અનુસાર સુધારણા/અપડેશન (જેવા કે બદલી, બઢતી, નિવૃત્તિ મુજબ મોડ્યુલમાં અપડેશન) હાથ ધરવાના રહેશે.
- **નિયમિત કર્મચારી એટલે કે આચાર્ય, મુખ્ય શિક્ષક, મદદનીશ શિક્ષક, ઉપશિક્ષક, શિક્ષણ સહાયક, વિદ્યાસહાયક ઉપરાંત કરાર આધારિત જ્ઞાન સહાયક તરીકે કાર્યરત કર્મચારીઓની પણ પ્રોફાઈલ અપડેટ કરવાની રહેશે.**
- ખાસ સૂચના: UDISE+ પોર્ટલ પર કર્મચારીની General Profile મા Personal Information મા આપેલ વિકલ્પ (field) '3.2.4 Staff Code of State 'માં CTS પોર્ટલમાં Teacher/Staff પ્રોફાઈલમાં જનરેટ થયેલ કર્મચારીના Teacher / Staff Code ની એન્ટ્રી કરવી.
- ભૌતિક રેકોર્ડ, Student Module (CTS Child Tracking System) અને Teacher Module (Teacher Portal) – આ ત્રણેય માહિતીનું શાળાની પ્રત્યક્ષ સ્થિતિ સાથે ક્રોસ વેરિફિકેશન કરવાનું રહેશે. તમામ સિસ્ટમ વચ્ચે ડેટાની સંપૂર્ણ એકરૂપતા (Consistency) જળવાઈ રહેવી જોઈએ.
- શાળાઓમાં ફરજ બજાવતા બિન-શૈક્ષણિક સ્ટાફ, વોકેશનલ ટ્રેનર્સ (VT - Vocational Trainers) તથા સ્પેશિયલ એજ્યુકેટર (Special Educator) ની વિગતો Teacher Module માં અચૂક અને અલગથી દાખલ કરવાની રહેશે, જેથી કોઈ પણ સ્ટાફની માહિતી છૂટી ન જાય.
- **પોર્ટલ પર દરેક શિક્ષકનું આધાર વેરિફિકેશન (Aadhaar Verification) કરવું ફરજિયાત છે. શિક્ષકના આધાર કાર્ડ પરનું નામ, જન્મ તારીખ અને આધાર નંબર પોર્ટલ સાથે ૧૦૦% મેચ થાય તથા વેરિફિકેશન સ્ટેટસ "Completed" દર્શાવે તે સુનિશ્ચિત કરવાની આખરી જવાબદારી જે-તે શાળાના આચાર્યશ્રીની રહેશે.**
- દરેક કર્મચારી નામ સામે આપેલા ચારેય મોડ્યુલ GP (General Profile), AP (Academic & Appointment Profile), TD (Training Details) અધતન કરી "Completed" સ્ટેટસ મેળવવાનું રહેશે.
- સ્ટાફ સમરીમાં Incomplete Count: 0 થાય ત્યારબાદ જ શાળા વડા દ્વારા Detailed Report Card (DRC) અને School Report Card (SRC) ની ચકાસણી કરી ડેટા અચૂક "Certify" કરવાનો રહેશે. **Teacher Moduleની આ સમગ્ર કામગીરી કોઈપણ વિલંબ વગર તા:૨૧/૦૯/૨૦૨૬ સુધીમાં ફરજિયાતપણે પૂર્ણ કરવાની રહેશે.**

**(3) વિદ્યાર્થી મોડ્યુલ: Import/Progression**

Scanned with OKEN Scanner

વધુમાં, જે વિદ્યાર્થીઓ હાલ જે શાળામાં અભ્યાસ કરી રહ્યા છે અને તેઓની પ્રોફાઇલ ક્રિએટ થયેલ છે પરંતુ શાળા દ્વારા તેમને ઈમ્પોર્ટ (Import) કરવામાં આવ્યા નથી અથવા અન્ય શાળામાં એડમિશન લઈ ગયેલ વિદ્યાર્થીઓને હજી વિદ્યાર્થી મોડ્યુલમાંથી દૂર કરવામાં આવ્યા નથી, તેવી ઈમ્પોર્ટ / પ્રોગ્રેસન (Import/Progression) સંબંધી પ્રક્રિયા પણ તા: ૨૧/૦૯/૨૦૨૬ પહેલાં અચૂક પૂર્ણ કરવાની રહેશે.
ખાસ સૂચના: UDISE+ પોર્ટલ પર વિદ્યાર્થીની General Profile માં આપેલ વિકલ્પ (field) 'Student State Code' મા CTS પોર્ટલ જનરેટ થયેલ વિદ્યાર્થીના 18 આંકડાના Child Unique ID ની એન્ટ્રી કરવી.

**(૪) ધોરણ ૨ થી ૧૨ ના બાકી રહેલ વિદ્યાર્થીઓની પ્રોફાઇલ એન્ટ્રી (Fresh Entry)**

(જિલ્લા/બ્લોક MIS લોગિન દ્વારા)

UDISE+ પોર્ટલ પર વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન વિદ્યાર્થીઓના રેકોર્ડ્સની બલ્ક એન્ટ્રીની સુવિધા માટે એક્સેલ (Excel) અને સીએસવી (CSV) ફોર્મેટ દ્વારા ડેટા એન્ટ્રી કરવાની જોગવાઈ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૩-૨૪ થી સિસ્ટમને સુવ્યવસ્થિત કરવામાં આવી અને વર્ગ પ્રમોશન સુવિધા (ધોરણ ૧ થી ૧૨) સંપૂર્ણપણે ઓનલાઇન કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન એન્ટ્રી રહી ગયેલા વિદ્યાર્થીઓ માટે, ધોરણ ૨ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે નવી નોંધણી (Fresh Entry) ની જોગવાઈ પણ શરૂ કરવામાં આવી હતી. ત્રણ વર્ષથી આ સુવિધા પૂરી પાડવામાં આવી હોવા છતાં,ધો.ર થી ૧૨ના વિદ્યાર્થીઓની નવી નોંધણી (Fresh Entry) બાકી હોવાનું કેટલાક કિસ્સાઓમાં ધ્યાને આવેલ છે.

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય (DoSE&L)ના પત્ર ક્રમાંક: 23-8/2026-Stats-Part(1), તા: ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૬થી જણાવ્યા અનુસાર અગાઉના વર્ષોમાં આવી બાકી રહેલ એન્ટ્રી, જે હાલ **ધોરણ ૨ થી ૧૨ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની UDISE+ પોર્ટલ પર નવી નોંધણી (Fresh Entry) તારીખ 30 સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવા** નીચે મુજબની સુવિધા પૂરી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે ધ્યાને લઈ જિલ્લામાં તારીખ: ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં નીચે મુજબની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

ક) ધોરણ ૨ થી ૧૨ માં અભ્યાસ કરતા હોય અને આજની તારીખ સુધી UDISE+ SDMS માં જેમના પ્રોફાઇલ બનાવવામાં આવ્યા નથી (જેમ કે ડ્રોપઆઉટ્સ, ઓપન સ્કૂલમાંથી મેળવેલ પ્રવેશ વગેરે) તેવા વિદ્યાર્થીઓની નવી નોંધણી (Fresh Entry) કરવાની મંજૂરી આપવામાં આવે છે. આ કામગીરી જરૂરિયાત મુજબ, દસ્તાવેજી પુરાવાઓ સાથે નિયત ફોર્મેટમાં મળેલી વિનંતીઓની યોગ્ય ચકાસણી કર્યા પછી જિલ્લા/બ્લોક કક્ષાએ જિલ્લા/બ્લોક MIS લોગિન દ્વારા જ કરવાની રહેશે.

ખ) અગાઉના વર્ષોમાં તે જ અથવા અન્ય શાળાઓ દ્વારા રહી ગયેલા વિદ્યાર્થીઓ / ચૂકી ગયેલી એન્ટ્રીઓની નવી નોંધણી (Fresh Entry).

વિદ્યાર્થીઓના રેકોર્ડનું ડુપ્લિકેશન અટકાવવા અને પોર્ટલ પર જાળવવામાં આવતા ડેટાની ચોકસાઈ અને સુસંગતતા સુનિશ્ચિત કરવા માટે UDISE+ પોર્ટલ પર વિદ્યાર્થીઓને ઉમેરતી વખતે પૂરતી કાળજી રાખવી અને નવી વિદ્યાર્થી પ્રોફાઇલ બનાવતા પહેલા SOP માં દર્શાવ્યા મુજબની તમામ સંબંધિત વિગતો યોગ્ય રીતે ચકાસાયેલી છે તેની ખાતરી કરવી.

આ કામગીરી પૂર્ણ થયા બાદ જિલ્લાની તમામ શાળાઓ/કલસ્ટરો દ્વારા ભૌતિક રેકોર્ડ (જી.આર. રજિસ્ટર / હાજરીપત્રક) , CTS અને UDISE+ પોર્ટલ પરની વિગતોની સઘન ખરાઈ કરી, નિયત નમૂના મુજબનું

Scanned with OKEN Scanner

પ્રમાણપત્ર Certificate) સમયમર્યાદામાં સંબંધિત ઉચ્ચ કચેરીને ફરજિયાતપણે સુપરત કરવાનું રહેશે, જેથી ડેટાની ચોકસાઈ, પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત થઈ શકે.

ઉપરોક્ત સૂચના અંગે આપની કક્ષાએથી શાળાઓને તાત્કાલિક અવગત કરાવી, નિર્ધારિત સમયમર્યાદામાં કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

એડી.જિલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડિનેટર
સમગ્ર શિક્ષા- સુરત કોર્પોરેશન

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

**સવિનય નકલ રવાના:**

- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર સાહેબશ્રી,સમગ્ર શિક્ષા,ગાંધીનગર

**નકલ રવાના જાણ સારું :**

- AE-AEI , જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ,સુરત
- Block MIS, Data Entry Operator તમામ, સમગ્ર શિક્ષા,સુરત કોર્પોરેશન

Scanned with OKEN Scanner

**CRC કો-ઓર્ડિનેટર ઓનલાઇન CRC CTS લોગીનમા સબમિટ કરવાના થતાં પ્રમાણપત્રનો નમૂનો**

પત્ર ક્રમાંક:
કચેરીનું નામ અને સરનામું:.
તારીખ:/૦૯/૨૦૨૬

## પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ........ (ક્લસ્ટરનું નામ) ક્લસ્ટરની તમામ સરકારી, અનુદાનિત અને બિનઅનુદાનિત શાળાઓ દ્વારા UDISE પોર્ટલ પર નીચે પુજબની કામગીરી ૧૦૦% સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવેલ છે.

1. School Profile & Facilities મોડ્યુલ પ્રાથમિક જરૂરિયાત સબંધિત ઇન્ડિકેટરમા બાકી રેહતા સુધારાની કામગીરી
2. શાળાઓમાં કાર્યરત તમામ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફની UDISE Teacher Module પર પ્રોફાઇલ એન્ટ્રી/અપડેટની કામગીરી.
3. હાલ શાળામાં અભ્યાસ કરી રહેલ વિધાર્થીઓની ઈમ્પોર્ટ તેમજ પ્રોગ્રેશનની કામગીરી.
4. ધોરણ ૨ થી ૧૨ ના અગાઉના વર્ષોના બાકી રહેલ વિધાર્થીઓની ફ્રેશ એન્ટ્રી (જિલ્લા/બ્લોક MIS લોગિનમાંથી).

આ કામગીરીની ગુણવત્તા અને ચોકસાઈ ચકાસવાના હેતુથી કક્લસ્ટરની તમામ સરકારી, અનુદાનિત અને બિનઅનુદાનિત તમામ શાળાઓની (૧૦૦% શાળાઓમાં) અમારા દ્વારા રૂબરૂ શાળા મુલાકાત અને રેકર્ડની સઘન ખરાઈ કરવામાં આવેલ છે. ખરાઈ દરમિયાન:

૧ શાળાના ભૌતિક રેકર્ડ (જી.આર. રજિસ્ટર / હાજરીપત્રક), CTS (Child Tracking System) અને UDISE+ પોર્ટલ ત્રણેયમાં નોંધાયેલ બાળકોની વિગતો સંપૂર્ણપણે એકસમાન હોવાનું માલૂમ પડેલ છે.

2. શાળાના રેકર્ડ, CTS અને UDISE+ પોર્ટલ પર નોંધાયેલ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફની વિગતો પણ એકસમાન અને સાચી હોવાની ખાતરી કરવામાં આવેલ છે.

ક્લસ્ટરની તમામ શાળાઓમાં યોગ્ય ચકાસણી કરીને જ ડેટા એન્ટ્રી/અપડેટ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

બિડાણ: રૂબરૂ મુલાકાત કરેલ શાળાઓની યાદી.

(નામ અને સહી/સિક્કો)
CRC કો-ઓર્ડિનેટર
ક્લસ્ટર: (ક્લસ્ટરનું નામ]

**URC /EI-AEI એ જિલ્લા /શાસનાધિકારી કચેરીને આપવાના થતાં પ્રમાણપત્રનો નમૂનો**

પત્ર ક્રમાંક:
કચેરીનું નામ અને સરનામું:.
તારીખ:/૦૯/૨૦૨૬

**પ્રમાણપત્ર**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ........ [તાલુકાનું નામ] તાલુકાની તમામ સરકારી, અનુદાનિત અને બિનઅનુદાનિત .........પ્રાથમિક /માધ્યમિક શાળાઓ દ્વારા UDISE પોર્ટલ પર નીચે પુજબની કામગીરી ૧૦૦% સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવેલ છે.

1. School Profile & Facilities મોડ્યુલ પ્રાથમિક જરૂરિયાત સબંધિત ઇન્ડિકેટરમા બાકી રેહતા સુધારાની કામગીરી
2. શાળાઓમાં કાર્યરત તમામ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફની UDISE Teacher Module પર પ્રોફાઇલ એન્ટ્રી/અપડેટની કામગીરી.
3. હાલ શાળામાં અભ્યાસ કરી રહેલ વિધાર્થીઓની ઈમ્પોર્ટ તેમજ પ્રોગ્રેશનની કામગીરી.
4. ધોરણ ૨ થી ૧૨ ના અગાઉના વર્ષોના બાકી રહેલ વિધાર્થીઓની ફ્રેશ એન્ટ્રી (જિલ્લા/બ્લોક MIS લોગિનમાંથી).

આ કામગીરીની ગુણવત્તા અને ચોકસાઈ ચકાસવા માટે કુલ શાળાઓમાંથી તાલુકાના અલગ/અલગ ક્લસ્ટર /SVS અને અલગ અલગ મેનેજમેન્ટ હેડ...........(ઓછામાં ઓછી ૧૫ શાળાઓમાં ) અમારા દ્વારા રૂબરૂ શાળા મુલાકાત અને રેકર્ડની સઘન ખરાઈ કરવામાં આવેલ છે. ખરાઈ દરમિયાન:

૧ શાળાના ભૌતિક રેકર્ડ (જી.આર. રજિસ્ટર / હાજરીપત્રક), CTS (Child Tracking System) અને UDISE+ પોર્ટલ ત્રણેયમાં નોંધાયેલ બાળકોની વિગતો સંપૂર્ણપણે એકસમાન હોવાનું માલૂમ પડેલ છે.

2. શાળાના રેકર્ડ, CTS અને UDISE+ પોર્ટલ પર નોંધાયેલ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફની વિગતો પણ એકસમાન અને સાચી હોવાની ખાતરી કરવામાં આવેલ છે.

તાલુકાની તમામ શાળાઓમાં યોગ્ય ચકાસણી કરીને જ ડેટા એન્ટ્રી/અપડેટ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

-રૂબરૂ મુલાકાત કરેલ શાળાઓની યાદી.

(નામ અને સહી/સિક્કો)
URC કો-ઓર્ડિનેટર
ઝોન : (ઝોનનું નામ]

બિડાણ: રૂબરૂ મુકાલાત કરેલ શાળાઓની યાદી